**ઓ શ્રધ્ધાળુઓ! અંતઃકરણપૂર્વક અલ્લાહ સમક્ષ પ્રાયશ્ચિત કરો સંભવ છે રબ દુષણોથી તમોને મૂક્ત કરે.**
**(કુર્આન, ૬૬:૮)**

**અલ્લાહના સંદેશવાહક કહે છે, 'પ્રાયશ્ચિતાર્થીના ચાર લક્ષણો છે (૧) કૃત્યો માટે અલ્લાહ પ્રત્યે નિષ્ઠા (૨) જુઠ્ઠાણાથી વેગળો (૩) સત્યનો દૃઢ આગ્રહી (૪) સદ્કાર્યો કરવા આતુર."**
**(અલ-હર્રાની, તોહફુલ ઉકુલ, પૃષ્ઠ ૨૦)**

## – આત્માનું પોષણ –

# પ્રાયશ્ચિત
# (તૌબા)

ઈમામ જાફર સાદિક (અ.) કહે છે, "બંદો અલ્લાહ સમક્ષ અતઃકરણથી પ્રાયશ્ચિત કરે છે ત્યારે અલ્લાહ તેની પર દયા વર્ષાવી આ અને પશ્ચાત જગતમાં તેનું રક્ષણ કરે છે." અલ્લાહ તેનુ રક્ષણ કેવી રીતે કરે છે ના મારા પ્રશ્નના ઉત્તરમાં ઈમામે કહ્યું, "(બંદાના કાર્યોની નોંધ રાખવા નિમાયેલા) અલ્લાહ બંને દૂતોને બંદાના કુકર્મો વિસરી જવા કહે છે. પછી ઉપાંગોને તેના પાપો છુપાવવા કહે છે અને પૃથ્વી પર જે સ્થળોએ પાપો કર્યા હોય તે સ્થળોને પણ પાપો છુપાવવા કહે છે. આમ અલ્લાહને તે મળે છે ત્યારે તેના પાપોની સાક્ષી આપવા કોઈજ હોતુ નથી."

(અલ-કુલયની, અલ-કાફી, કિતાબુલ ઈમાન વલ કુફ્ર, બાબુત તૌબાહ, હદીસ ૧)

પ્રાયશ્ચિત માટે આત્મા ઢંઢોળવા આહવાન! ઓ મનુષ્ય! તું કેટલો પાપી અને મૂર્ખ છે કે તારા સર્જકની દયાની વિપુલતાનુ તને ભાન નથી. દાયકાઓ પર્યંત જે માબુદના આદેશોની અવગણના કરી દિર્ઘ સમય સુધી નિષ્ઠાહીનતા દાખવી શેહ અને શરમ વગર અભદ્ર વર્તન દાખવ્યુ, હવે જ્યારે પ્રાયશ્ચિત કર્યું ત્યારે તને પોતાના દેખિતા લાભ વગર પોતાની છત્ર છાયામાં લઈ રહ્યો છે. કેટલી અદ્ભૂત દયા અને વિશાળ સંવેદના. ઓ રબ! તારી વિશાળ કૃપાનો નાનો આભાર વ્યક્ત કરવા અમોએ અસમર્થ છીએ. તારી પ્રસ્તુતિ અને ગુણગાન ગાવા અમારી જીભ અસક્ષમ છે. અમારી ક્ષોભવિહિનતાની ક્ષમા માટે અમો માત્ર અમારા મસ્તકો નમાવી શકીએ છીએ. તારી દયાને અમો યોગ્ય નથી. ખરેખર તારી દયા અને વિશાળ અર્પણ અવર્ણનિય છે.

બુધ્ધિશાળી મનુષ્યે પરિતાપ અને વેદનાની અસિમ પ્રબળતા અનુભવવી જોઈએ જેથી અલ્લાહ કરશે તો તેના અંતરમાં પ્રાયશ્ચિતની જવાળા ભભૂકી ઉઠશે. દુષ્કર્મોના ભયાનક પરિણામના ચિંતનથી હૈયામાં પ્રાયશ્ચિતની માત્રા અધિક થાય છે અને પ્રાયશ્ચિતનો અગ્નિ સ્વંય પ્રગટે છે. આ અગ્નિ વિષે પવિત્ર કુર્આન કહે છે, "સર્વત્ર પ્રસરતી અને આત્માને વિંધતી જવાળા અલ્લાહે પ્રગટાવી છે." (૧૦૪-૬-૮). તેના અંતરાત્મામાં ભભૂકતી પ્રાયશ્ચિતની અગ્નિ તેને પાપોથી મૂક્ત કરી લાગેલા કાટ અને સડાને ભસ્મિભૂત કરે છે. જાણવું જોઈએ કે જીવન દરમ્યાન આ જવાળા પ્રજલ્લિત નહી કરી હોત અને નર્કના દ્વારો ખુલે નહી તેવા પ્રયાસો કર્યા નહી હોત તો મૃત્યુ પછીના જગતનાં અસહ્ય આગ રાહ જોતી હોત. નર્કના દ્વારો ખુલ્લી જાત અને સ્વર્ગના દ્વારો બંધ થઈ જાત. આમ બુધ્ધિશાળી વ્યક્તિ પાપોના માઠા પરિણામોની કલ્પના કરી શકે છે.

ઓ અલ્લાહ! પ્રાયશ્ચિતના અગ્નિ ભરેલી એક ભટ્ટી અમોને પ્રદાન કર. ભૌતિક અગ્નિથી અમારા અંતરાત્માને પ્રજલ્લિત કરી તેમાં પશ્ચાતાપની ચિનગારી નાખી જવાળા પ્રગટાવ. હૃદયનો કાટ દૂર કરી પાપોના પરિણામોથી મૂક્ત કરી અમોને આ જગતમાંથી ઉઠાવ ખરેખર તુ દયાનો ધોધ છે. (અલ ખુમયની, ફોરટી હદીસ, પ્રકરણ ૧૭, "તૌબા" ના સૌજન્યથી.)

અંતમાંઃ ઈમામ ઝયનુલ આબેદીન (અ.) કહે છે, ઓ અલ્લાહ! તુ એ છે જેણે પોતાના ક્ષમા-દ્વાર ખોલ્યા જેને પ્રાયશ્ચિત નામ આપ્યુ. કારણ તું કહે છે, અલ્લાહ સમક્ષ નિષ્ઠાપૂર્વક પ્રાયશ્ચિત કરો. (૬૬:૮) તેના દ્વાર ખુલી ગયા પછી તેમા પ્રવેશ નહીં કરવાનું તમારી પાસે શું કારણ છે? (અલ સહીફા અલ કામીલાહ)

*ઈસ્લામ વિષે વિશેષ માહિતી માટે પધારો*
http://al-islam.org/faq/

પ્રાયશ્ચિતનો અર્થ છે લુપ્ત થયેલી માનવતા. કુકર્મો અને અવજ્ઞાના અંધકારમાંથી મૂક્ત થઇ આત્માની મૂળ ભાવના તરફ પુનઃ પ્રસ્થાન. વ્યક્તિ પ્રારંભિક અવસ્થામાં કોરા કાગળ જેવી હોય છે - તેના કોઇ પણ આત્મિક સદ્‌ગુણો અથવા દુર્ગુણો હોતા નથી. કોઇ પણ સ્તરે પહોચવાની તેની ક્ષમતા હોય છે. સ્વભાવગત તે સ્વચ્છ, પાપરહિત અને નૈસર્ગિક તેજ ધરાવતો હોય છે. કુકર્મોથી દિવ્ય પ્રકાશ નિસ્તેજ થતો જાય છે અને સમય જતા હૈયામા અંધકાર છવાઇ જાય છે. હૈયુ સંપૂર્ણ અંધકારમય થઇ જાય તે પહેલા વ્યક્તિ બેકાળજીની નિંદ્રામાંથી જાગે અને પ્રાયશ્ચિત કરે તો હૈયુ ધીમે ધીમે અંધકારથી પ્રકાશ તરફ પાછુ ફરી નૈસર્ગિક દિવ્યતા પુનઃ પ્રાપ્ત કરી શકે છે.

ઈમામ બાકીર (અ.) ની વિખ્યાત હદીસનો ઉલ્લેખ, ‘‘પશ્ચાતાપ કરી પાછા ફરનારે જાણે પાપો કર્યાજ નથી.’’ (અલ કુલયની, અલ કાફી, કિતાબુલ ઈમાન કુફ્ર, બાબુત તૌબા, પૃષ્ઠ ૧૦)

## પ્રાયશ્ચિત માટે આવશ્યક્તાયો અને શર્તોઃ

માત્ર હું પ્રાયશ્ચિત કરૂ છું કહેવાથી પ્રાયશ્ચિત સ્વીકાર્ય નથી. પ્રાયશ્ચિતના સ્વીકાર્ય માટે હદીસમાં વર્ણવેલી નીચેની અનેક શર્તોનું પાલન આવશ્યક છે.

કહેવાય છે કે ઈમામ અલી (અ.) સમક્ષ એક વ્યક્તિયે કહ્યું, ‘‘અસ્તગ્ફેરૂલ્લાહ’’ (હું અલ્લાહથી ક્ષમા ઇચ્છુ છું) ઈમામે પ્રત્યુત્તરમાં કહ્યું, ‘‘આ મહામૂર્ખ ઈસ્તીગફાર શું છે તેની તને જાણ છે? ખરેખર! જ્ઞાનના ઉચ્ચતમ્ સ્તરનું પ્રમાણ ઈસ્તીગફાર છે. આ શબ્દનો અર્થ છ બાબતો છે (૧) ભૂતકાળના કુકર્મો પર પીડા (૨) ત્યાં પરત ન જવાનો દ્દઢ સંકલ્પ (૩) લોકોને તેમના અધિકારો પરત કરવા (છીનવેલી મતા પાછી આપ, માનસિક ત્રાસ માટે વળતર આપ અને દુઃખ વ્યક્ત કર) જેથી અલ્લાહ સમક્ષ એક પવિત્ર વ્યક્તિ તરીકે હાજર થા અને તારા પર કોઇનો કંઇ દાવો ન હોય (૪) કુકર્મો દરમ્યાન કર્તવ્ય પાલનનો અનાદર કર્યો તે પ્રત્યેક કર્તવ્યનું પાલન કરવું (૫) હરામની કમાણીથી શરીર જમાવ્યું છે તે ગાળી નાખી હકની કમાણીથી તેની પર પાછુ માસ જમાવ. (૬) કુકર્મોમાં આનંદ અનુભવ્યો તેવીજ પીડા અને પરિતાપ કર્તવ્યનિષ્ઠ થવામાં ભોગવ આ સઘળી કસોટીયોમાંથી પાર ઉતર ત્યારેજ કહે અસ્તગફીરૂલ્લાહ. (નહજુલ બલાગહ, વિધાન ૪૧૭)

## તૌબતુન નસુહ (નિષ્ઠાસહ પ્રાયશ્ચિત):

પ્રતિષ્ઠિત વિધ્વાન શેખ અલ-બહાઇ મુજબ તૌબતુન નસુહના અનેક અર્થોમાં મૂખ્ય આ પ્રમાણે છે.

ઉપદેશના રૂપમાં : લોકોમાં પ્રાયશ્ચિતથી પ્રેરારાતી સકારાત્મક ભાવનાનું ભાન કરાવવું અથવા દુષ્કર્મો વિચારમાંથી કાઢી નાખી મૂળમાંથીજ વિનાશ કરી પુન તે તરફ ન જવાની સલાહ આપવી.
મીણ રહિત શુદ્ધ મધ જેવું પ્રાયશ્ચિતઃ ‘આ’અસુલુન નસુહ’ કહેવાય છે. તે માત્ર અલ્લાહની ખુશી માટે હોય - નર્કની જવાળાના નિરાકરણ માટે નહીં. આ પરિતાપ પાપોની બેડોળતા અને અલ્લાહની ના ખુશી ઓગાળવાજ હોય.
‘નસાબહ’ જેનો અર્થ સાંધવું થાય છે. ‘નસાબત ‘નસુહ શબ્દના સંદર્ભમાં વપરાય છે. કપડાના બે ટૂકડાઓને સીવણ સાંધે છે તેવીજ રીતે પાપોથી વિકૃત થયેલી શ્રધ્ધાને પ્રાયશ્ચિત પુનઃ અલ્લાહના મિત્રો અને પ્રસંસકો સાથે જોડે છે. અન્ય અર્થ ઘટનમાં જણાય છે કે ‘નસુહ પશ્ચાતાપને કારણે છે.

‘તૌબતુન નસુહ’ :- એવુ પ્રાયશ્ચિત છે જેમાં બંદો કુકર્મોની અસર આત્મામાંથી સંપૂર્ણપણે નાશ પામે ત્યાં સુધી કડી ઉપાસના કરી કપરી પિડામાંથી પસાર થાય.

વહેલું તેટલું આવકાર્યઃ સફળ પ્રાયશ્ચિત અતિ કપરૂ કાર્ય છે. ખાસ કરીને મોટા અને ઘાતક અપરાધોમાં વ્યસ્ત વ્યક્તિ પ્રાયશ્ચિત સદંતર વિસરી જાય છે. મનુષ્યની મનવાડીમાં ઉછરતા પાપરૂપી વૃક્ષોના મૂળિયા ઉંડા ચાલી જાય તો પરિણામો ભયાનક આવે છે અને તેનું પાછુ ફરવું અશક્ય છે. કોઇ શુભ ઘડીએ પ્રાયશ્ચિતનો વિચાર આવે તો વૃધ્ધાવસ્થામાં નિષ્ઠાપૂર્વક પ્રાયશ્ચિત કરીશ તેમ વિચારી પશ્ચાત્તાપ ટાળે છે. આ ઝાંઝવાના જળ ચાખવા બરાબર છે. વ્યક્તિના રક્તમાં પાપાચાર ભળી જાય પછી તેનો કશોજ ઉપચાર નથી. પ્રાયશ્ચિત માટે આદર્શ સમય યુવાવસ્થા છે જ્યારે પાપો ઓછા હોય છે. હૃદયમાં છવાયેલો આંતરિક અંધકાર અસંપૂર્ણ હોય છે અને શર્તોનું પાલન સુગમ હોય છે. શેતાનની કાન ફુસીથી ભટકી જઇ અલ્લાહે આપેલી આ સોનેરી તક ગુમાવવી ન જોઇએ. જેમ બને તેમ જલ્દી પ્રાયશ્ચિત કરી ભૂતકાલીન કુકર્મોને ધોવા પ્રયત્નશીલ રહેવુ બુધ્ધિશાળી વ્યક્તિ નું લક્ષણ છે. પરિતાપ સભર આત્મા પાપો ન કરવા દ્દઢ સંકલ્પીત હોય છે. મનુષ્યના પ્રાયશ્ચિતમાં નિષ્ઠા હોય તો અલ્લાહ તેને અવશ્ય સહાય કરે છે અને પવિત્ર કુર્આનના ઉલ્લેખ પ્રમાણે તે અલ્લાહનો સાચો ભક્ત બની જાય છે, ‘‘ખરેખર, પ્રાયશ્ચિતાર્થીને અલ્લાહ વહાલ કરે છે.” (૨ઃ૨૨૨)

ઈમામ અલી (અ.) કહે છે, ‘‘અલ્લાહના આશિર્વાદના અભિલાષી માટે પ્રાયશ્ચિતનો દિન આજેજ છે અને આવતીકાલ પુસ્કાર માટે છે. સ્વર્ગ ઇચ્છનીય અને નર્ક અનિચ્છનીય સ્થળો છે. શું મૃત્યુ પૂર્વે તમારામાંથી કોઇ પણ કુકર્મો માટે પ્રાયશ્ચિત કરનાર તેમજ પાપો માટે વળતર આપનાર અને શિક્ષાની હીનારત ત્રાટકે તે પહેલા સદ્‌કાર્યો કરનાર નથી? (નહજુલ બલાગહ, ઉપદેશ ૩૩)